પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૬૧ | ૨૧ ઓગસ્ટ, ૨૦૧૯, બુધવાર; શ્રાવણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારતની સિદ્ધિ : ચંદ્રની કક્ષામાં ચંદ્રયાન-૨

**ચંદ્રયાને લોન્ચિંગના ૨૯ દિવસ બાદ સૌથી મુશ્કેલને પાર કર્યું : ચંદ્રના ત્રણ લાખ ૮૪ હજાર કિલોમીટરના સફર ઉપર નિકળેલા ચંદ્રયાન-૨ હવે મિશનથી માત્ર ૧૮૦૦૦ કિલોમીટરના અંતરે : સાતમીએ નવો ઇતિહાસ : ૯૦% ઝડપ ઘટાડીને સફળતા મેળવી : ૨ સપ્ટેમ્બરે યાનથી અલગ થઈ જશે વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવર : ઈસરો**

હૈદરાબાદ,તા. ૨૦

શ્રીહરિકોટાથી લોન્ચિંગના ૨૯ દિવસ બાદ ચન્દ્રયાન-૨ આજે સવારે ૯.૩૦ વાગે ચન્દ્રની કક્ષામાં પ્રવેશ કરી જતા ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આની સાથે જ ભારતે અંતરિક્ષમાં વધુ એક મોટી સિદ્ધી હાંસલ કરી લીધી હતી. હવે સાતમી સપ્ટેમ્બરના દિવસે ચન્દ્રયાન-૨ ચન્દ્ર પર ઐતિહાસિક હાજરી પુરવાર કરનાર છે. તમામ બાબતો યોજના મુજબ આગળ વધશે તો ૭મી સપ્ટેમ્બર ૨૦૧૯ના દિવસે રાત્રે ૧.૫૫ વાગે ભારતીય અંતરિક્ષ ઈતિહાસની સૌથી મોટી તારીખ રહેશે. એ દિવસે ચંદ્રયાન-૨ ચંદ્ર ઉપર રહેશે. આજે શ્રીહરિકોટાથી લોન્ચિંગના ૨૯ દિવસ બાદ ચંદ્રયાને પ્રવાસના સૌથી મુશ્કેલ તબક્કાને પાર કરીને ઈતિહાસ સર્જ્યો હતો. ચંદ્રના ૩ લાખ ૮૪ હજાર કિલોમીટરની યાત્રા ઉપર નિકળેલા ચંદ્રયાન હવે પોતાના મિશનથી માત્ર ૧૮૦૦૦ કિલોમીટરના અંતરે છે. ચંદ્રયાન સીધીરીતે ચંદ્ર તરફ ગયું નથી પરંતુ પૃથ્વી અને ચંદ્રની કક્ષાઓમાં ચક્કર લગાવીને આગળ વધી રહ્યું છે. આગામી સપ્તાહ ખુબ જ પડકારરુપ રહેનાર છે. ચંદ્રયાનની સફળતાના સંદર્ભમાં આજે ઈસરો દ્વારા માહિતી આપવામાં આવી હતી. ચંદ્રયાન-૨નો ચંદ્ર પર સ્થાપિત કરવા માટે સેટેલાઈટને એક નિશ્ચિત ગતિથી ચંદ્રની સપાટીમાં પ્રવેશ કરવાની બાબત મુશ્કેલરુપ હતી. જો તેની ગતિ વધારે રહી હોત તો તે ચંદ્ર કક્ષાથી બહાર નિકળીને અંતરિક્ષમાં ખોવાઈ જવાનો ખતરો હતો. જો ગતિ ધીમી રહી હોત તો ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળ ચંદ્રયાન-૨ને પોતાની તરફ ખેંચી શક્યું હોત પરંતુ ચંદ્રયાન-૨ દ્વારા ખુબ જ સફળતારીતે ચંદ્રની કક્ષામાં એન્ટ્રી કરી દીધી છે. હવે ૨૦ ઓગસ્ટથી પહેલી સપ્ટેમ્બર વચ્ચે ચંદ્રની ચાર અન્ય કક્ષાઓથી ચંદ્રયાન પસાર થશે. ચંદ્રયાનના સંદર્ભમાં ઈસરોના પ્રમુખે આજે તમામ માહિતી આપી હતી. ઈસરોના પ્રમુખ સિવાને કહ્યું હતું કે, આવતીકાલે બપોરે એક વાગે પ્રથમ કક્ષાને પાર કરશે. ત્યારબાદ ૨૮, ૩૦ ઓગસ્ટ અને ત્યારબાદ પહેલી સપ્ટેમ્બરે અન્ય કક્ષાઓને પાર કરશે એ વખતે ચંદ્રથી તેનું અંતર ૧૮૦૦૦ કિલોમીટરથી ઘટીને ૧૦૦ કિલોમીટર રહી જશે. ભારતીય અંતરિક્ષ સંસ્થા ઈસરોના કહેવા મુજબ ચન્દ્રયાન-૨ પર લાગુ કરવામાં આવેલી બે મોટરને

● અનુસંધાન પાન-૭ પર


## ચંદ્રની સપાટીને સ્પર્શતા પહેલા કઈ-કઈ પ્રક્રિયા

**સૌથી પહેલા વિક્રમ દ્વારા ચકાસણી**

હૈદરાબાદ, તા. ૨૦

શ્રીહરિકોટાથી લોન્ચિંગના ૨૯ દિવસ બાદ ચન્દ્રયાન-૨ આજે સવારે ૯.૩૦ વાગે ચન્દ્રની કક્ષામાં પ્રવેશ કરી જતા ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આની સાથે જ ભારતે અંતરિક્ષમાં વધુ એક મોટી સિદ્ધી હાંસલ કરી લીધી હતી. ચંદ્રની સપાટીને સ્પર્શ કરતા પહેલા કઇ પ્રક્રિયાઓ આગળ વધશે તે નીચે મુજબ છે.

- ધરતી અને ચંદ્રની વચ્ચે અંતર ૩ લાખ ૮૪ હજાર કિલોમીટરછે
- ચંદ્રયાન-૨માં લેન્ડર-વિક્રમ અને રોવર-પ્રજ્ઞાન લોન્ચિંગ બાદ છેક ચંદ્ર સુધી જશે
- ચંદ્રની સપાટી ઉપર ઉતારવાના ચાર દિવસ પહેલા વિક્રમ ઉતરવાવાલી જગ્યાની ચકાસણી કરીને ખાતરી કરશે અને લેન્ડર યાન ડીબુસ્ટ થશે
- વિક્રમ સપાટીની નજીક પહોંચશે અને ઉતરવાવાળી જગ્યાને સ્કેન કરશે ત્યારબાદ લેન્ડિંગની પ્રક્રિયા શરૂ થશે
- લેન્ડિંગ બાદ લેન્ડર વિક્રમનો દરવાજો ખુલી જશે અને રોવરને રિલીઝ કરશે
- રોવરને બહાર નિકળવામાં આશરે ચાર કલાકનો સમય લાગશે ત્યારબાદ વૈજ્ઞાનિક પરીક્ષણ માટે ચંદ્રની સપાટી ઉપર નિકળી જશે અને ૧૫ મિનિટની અંદર જ ઈસરોને લેન્ડિંગના ફોટાઓ મોકલવાની શરૂઆત કરશે



## ચંદ્રયાન-૨ સ્પેસ રેસની તરફ વિશ્વની આગેકૂચ

**અમેરિકા, ચીન, ભારત વચ્ચે ટક્કર**

હૈદરાબાદ, તા. ૨૦

ભારતીય સ્પેસ એજન્સી ઈસરોએ ચંદ્રયાન-૨ની સફળ લોન્ચિંગના ૨૯ દિવસ બાદ આજે ચન્દ્રયાન-૨ ચન્દ્રની કક્ષામાં પ્રવેશ કરી જતા ભારતે વધુ એક મોટી સિદ્ધી મેળવી લીધી છે. ચંદ્રની સીડી ઉપર ચઢીને અંતરિક્ષ પર જીત મેળવવાની ચાહત ધરાવનાર દુનિયાભરના મોટા દેશ હવે એક એવી સ્પેસ રેસની દિશામાં આગળ વધી ગયા છે જેના આગામી ૨૦૦ વર્ષ સુધી જારી રહેવાની શક્યતા છે. કોલ્ડવોરથી અલગ આ પ્રકારની સ્પર્ધાના ખેલાડી વધારે શક્તિશાળી અને અતિઆધુનિક ટેકનોલોજીથી સજ્જ રહેશે. ૨૧મી સદીની આ સ્પેસ રેસમાં અમેરિકા અને રશિયા જેવા પરંપરાગત ખેલાડીઓની સાથે ચીન અને ભારત જેવા નવા ખેલાડી પણ મેદાનમાં છે જેના કારણે સ્પર્ધા વધારે રોમાંચિત બની ગઈ છે. ભારત માટે અનંત અંતરિક્ષમાં આગળના દરવાજા પણ ખુલી ગયા છે. આજથી ૫૦ વર્ષ પહેલા એટલે કે ૨૦મી જુલાઈ ૧૯૬૯ના દિવસે અપોલો મિશન મારફતે અમેરિકાએ પ્રથમ વખત ચંદ્ર ઉપર પ્રવેશ કરીને વિશ્વભરમાં ડંકો વગાડ્યો હતો. ત્યારબાદ ૨૦૦૩માં ચીને માનવયુક્ત મિશન મોકલીને સફળતા મેળવી હતી. સ્પેસમાં દાવેદારીના કારણે ચીન પણ આજે શક્તિશાળી છે. ચન્દ્રયાન-૨ ચન્દ્રની કક્ષામાં પ્રવેશ કરી જતા દુનિયાના દેશોની નજર હવે કેન્દ્રિત થઈ છે.

## ચિદમ્બરમની ધરપકડના ભણકારા

**કોર્ટમાં જામીન ન મળ્યા : આઈએનએક્સ મિડિયા કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચાર-મનીલોન્ડરિંગ કેસ : આગોતરા જામીન અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધા બાદ ધરપકડ ટાળવા તરત ચિદમ્બરમની સુપ્રીમમાં અપીલ : ચિદમ્બરમ ઉપર સકંજો વધુ મજબૂત**

નવીદિલ્હી, તા. ૨૦

સમગ્ર દેશને હચમચાવી મુકનાર આઈએનએક્સ મિડિયા કૌભાંડ સાથે જોડાયેલા ભ્રષ્ટાચાર



અને મની લોન્ડરિંગના મામલામાં કોંગ્રેસના નેતા અને પૂર્વ કેન્દ્રીયમંત્રી પી ચિદમ્બરમની ધરપકડના ભણકારા વાગી રહ્યા છે. ચિદમ્બરમને આજે કોર્ટમાંથી મોટો ફટકો પડ્યો હતો. કારણ કે, પૂર્વ નાણામંત્રીની અરજીને દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. આઈએનએક્સ મિડિયા કેસમાં તેમની આગોતરા જામીન અરજીને ફગાવી દેવામાં આવ્યા બાદ તેમની ધરપકડના ભણકારા વાગી રહ્યા છે. જસ્ટિસ સુનિલ ગૌરે ચિદમ્બરમની અરજીને ફગાવી દીધા બાદ ચિદમ્બરમે તરત જ દિલ્હી હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી.

અરજી ફગાવી દીધા બાદ ધરપકડથી બચવા માટે ચિદમ્બરમે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી હતી. તેમની ટીમ ઉતાળવમાં સુપ્રીમ કોર્ટ પહોંચી ચુકી છે. હવે આવતીકાલે તેમની અરજી ઉપર તાકિદની સુનાવણી કરવામાં આવનાર છે.કોંગ્રેસના વરિષ્ઠ નેતા કપિલ સિબ્બલે કહ્યું હતું કે, તેમની અરજી ઉપર આવતીકાલે સુનાવણી કરવામાં આવનાર છે. હાઈકોર્ટના ચુકાદા બાદ વરિષ્ઠ વકીલ અને કોંગ્રેસી નેતા સિબ્બલે વકીલોની ટીમ સાથે તમામ સંભાવનાઓ ઉપર ચર્ચા કરી હતી. ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં સિબ્બલે ચિદમ્બરમ સાથે પણ ચર્ચા કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### ચિદમ્બરમના સત્તાકાળ દરમિયાન ૩૦૫ કરોડની મળેલ રકમનો વિવાદ

નવી દિલ્હી, તા. ૨૦

પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમની મુશ્કેલી વધુ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. તેમની આગોતરા જામીન અરજી રદ થઈ ગયા બાદ કોઈપણ સમયે તેમની ધરપકડ કરવામાં આવી શકે છે. આ સમગ્ર મામલો ૨૦૦૭માં ૩૦૫ કરોડ રૂપિયાની વિદેશી રકમ મેળવવા માટે મિડિયા ગ્રુપને એફઆઈપીબી દ્વારા મંજુરી આપવા સાથે સંબંધિત છે. તે ગાળામાં ચિદમ્બરમ નાણામંત્રી તરીકે હતા. મોટી વાત એ છે કે, આઈએનએક્સ મિડિયાને એફઆઈપીબી દ્વારા મંજુરી આપવામાં આવી હતી. તેમના પુત્ર કાર્તિની દરમિયાનગીરીના આધારે આ મંજુરી અપાઈ હતી. જે નાણાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા તે સીધીરીતે ચિદમ્બરમના પુત્રની કંપનીઓ રહેલી છે. આવનાર દિવસોમાં કાર્તિ ઉપર પણ સકંજો મજબૂત બની શકે છે.

## રાજીવ ગાંધીની જન્મ જયંતિએ વિવિધ કાર્યક્રમો

નવી દિલ્હી,તા. ૨૦

દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૭૫મી જન્મજયંતિ નિમિત્તે આજે દેશના લોકોએ તેમને યાદ કર્યા હતા. સાથે સાથે દેશના જુદા જુદા ભાગમાં વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. રાજીવ ગાંધીની જન્મ જયંતિ પર કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, ઉપપ્રમુખ રાહુલ ગાંધી, પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને અન્યોએ તેમની સમાધીના સ્થળ વીર ભૂમિ પર જઈને શ્રદ્ધાંજલિ આપી હતી. દરમિયાન રાજીવ ગાંધીની ૭૫મી જન્મજયંતિ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમને યાદ કર્યા હતા અને તેમના દેશને યોગદાનની પ્રસંશા કરી હતી.

## હવાઈ મથક પર ગુલામ નબીને ફરી રોકી દેવાયા

જમ્મુ, તા.૨૦

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદને આજે જમ્મુ એરપોર્ટ ઉપર રોકી દેવામાં આવ્યા હતા. તેમને તેમના ઘરે જવાની મંજુરી આપવામાં આવી ન હતી. સાથે સાથે પ્રદેશ કોંગ્રેસ કમિટિની બેઠકમાં ભાગ લેવાની મંજુરી પણ આપવામાં આવી ન હતી. રાજ્યસભામાં વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદને ત્યાંથી પરત દિલ્હી મોકલી દેવામાં આવ્યા હતા. ગુલામ નબી આઝાદ દિલ્હીથી ફલાઈટ લઈને જમ્મુ પહોંચ્યા હતા.

## આર્થિક વૃદ્ધિની ગતિ ચિંતાજનક -રઘુરામ રાજન

ન્યુ દિલ્હી,તા.૨૦

રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને કહ્યું હતું કે આર્થિક ક્ષેત્રે ધીમી ગતિ ઘણી ચિંતાજનક બાબત છે. ઊર્જા અને એનબીએફસી ક્ષેત્રની મુશ્કેલીને સરકારે ત્વરિત હાથ ધરવાની સાથે રિફોર્મના નવા માળખાની જરૂર છે. ખાનગી રોકાણ વધુ આવે તેવા પગલાં આવશ્યક છે. રાજન રિઝર્વ બેંકના ગવર્નરપદે ૨૦૧૩થી ૨૦૧૬ સુધી રહ્યા હતા. દેશમાં જીડીપીની જે રીતે ગણતરી થાય છે તેમાં નવેસરથી ધ્યાન આપવા તેમણે સલાહ આપી છે.

## કાશ્મીરના વિવિધ વિસ્તારોમાં નિયંત્રણ વધુ હળવા કરાયા

**લાલચોકથી તમામ બેરિકેડ દૂર કરી દેવામાં આવ્યા : મોબાઇલ અને ઇન્ટરનેટ સેવા હજુ ખોરવાઈ : જુદા જુદા કેન્દ્રો પર લોકો અને વાહનોની અવરજવરને મંજુરી મળી**

શ્રીનગર, તા. ૨૦

જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારમાં સ્થિતિને હળવી કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ દિશામાં વધુ પગલા સતત લેવામાં આવી રહ્યા છે. શ્રીનગરના મુખ્ય કેન્દ્ર લાલચોક પર મુકવામાં આવેલા બેરિકેડને હવે દૂર કરવામાં આવી ચુક્યા છે. લાલચોકથી ૧૫ દિવસ બાદ બેરિકેડ અને નિયંત્રણો હળવા કરી દેવામાં આવ્યા છે. બીજી બાજુ મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા ૧૬માં દિવસે પણ ખોરવાયેલી રહી હતી. કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં તમામ પ્રકારના નિયંત્રણો લાગૂ કરવામાં આવ્યા હતા. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. તમામ પ્રકારના નિયંત્રણો અને સુરક્ષા વ્યવસ્થાને હવે હળવી કરવામાં આવી રહી છે. આજે શ્રીનગરના વેપારી કેન્દ્ર લાલચોક ઉપર ઘંટાઘરની પાસે બેરિકેટને દૂર કરવામાં આવ્યા હતા. વેપારીઓ અને લોકોની અવરજવરને મંજુરી આપવામાં આવી હતી. કેટલાક વિસ્તારોમાં નિયંત્રણોને પણ હળવા કરવામાં આવ્યા હતા. સોમવારના દિવસે ફરીથી મોટાભાગની પ્રાથમિક સ્કુલો ખુલી ગઈ હતી પરંતુ વિદ્યાર્થીઓની હાજરી ઓછી દેખાઈ હતી પરંતુ સરકારી કચેરીઓમાં કર્મચારીઓની ઉપસ્થિતિમાં સુધારો થયો છે. શહેરના સિવિલ લાઈન વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

## સંયમ રાખવા ઈમરાનને ટ્રમ્પનું સૂચન

**ઉશ્કેરણીજનક ભાષણ ન કરવા માટેની ચેતવણી : મોદી સાથે વાતચીત કર્યા બાદ ઇમરાન સાથે ફરી ડોનાલ્ડ ટ્રમ્પની ચર્ચા : ક્ષેત્રની સ્થિતી જટિલ છે : ટ્રમ્પની કબૂલાત**

વોશિંગ્ટન,તા. ૨૦

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન અને ભારત વચ્ચે ખેંચતાણ જારી છે. આ ખેંચતાણ વચ્ચે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બંને દેશોના વડાપ્રધાન સાથે ફોન પર વાતચીત કરી છે. નરેન્દ્ર મોદી સાથે વાતચીત કર્યા બાદ ટ્રમ્પે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન સાથે ફોન પર વાતચીત કરી હતી. એ વખતે તેઓએ કાશ્મીરના મુદ્દા પર સંયમ જાળવી રાખવા માટે સાફ શબ્દોમાં સુચના આપી હતી. ટ્રમ્પે કહ્યુ હતુ કે વધતા ટેન્સન વચ્ચે કોઈ આડેધડ નિવેદન ન કરવાની જરૂર છે. બંને નેતાઓ સાથે ફોન પર વાતચીત બાદ ટ્રમ્પે ક્ષેત્રની સ્થિતી ખુબ જટિલ હોવાની કબુલાત કરી હતી.

